NATIONAL CENTRE FOR SCHOOL LEADERSHIP

NCSL

Every Child Learns
Every School Excels

રાષ્ટ્રીય શાળા નેતૃત્ત્વ કેન્દ્ર

# શાળા નેતૃત્ત્વ વિકાસ





## રાષ્ટ્રીય શાળા નેતૃત્ત્વ કાર્યક્રમની રૂપરેખા અને અભ્યાસક્રમ


राष्ट्रीय शैक्षिक योजना एवं प्रशासन विश्वविद्यालय
NATIONAL UNIVERSITY OF EDUCATIONAL PLANNING AND ADMINISTRATION

રાષ્ટ્રીય શૈક્ષિક યોજના અને પ્રશાસન વિશ્વવિદ્યાલય

## જૂથ ના સભ્યો

રશ્મી દિવાન

સુનીતા ચુગ

કશ્યપી અવસ્થી

સુબીથા જી. વી.

એન. મૈથિલી

સીમા સિંહ

શ્રેયા તિવારી

જી. એસ. નેગી

ચારુ સ્મિતા મલિક

દરક્ષા પરવીન

મોનિકા બજાજ

રાષ્ટ્રીય શાળા નેતૃત્ત્વ કેન્દ્ર

# રાષ્ટ્રીય શાળા નેતૃત્ત્વ કાર્યક્રમની રૂપરેખા

## અને

# અભ્યાસક્રમ

રાષ્ટ્રીય શૈક્ષિક યોજના અને પ્રશાસન વિશ્વવિદ્યાલય

રાષ્ટ્રીય શૈક્ષિક યોજના અને પ્રશાસન વિશ્વવિદ્યાલય (ન્યુપા)
(ભારત સરકાર દ્વારા વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ અધિનિયમ ૧૯૫૬ ની ધારા ૩ અંતર્ગત જાહેર)

© ન્યુપા

પ્રથમ સંસ્કરણ: નોવેમ્બર, ૨૦૧૪

રાષ્ટ્રીય શૈક્ષિક યોજના અને પ્રશાસન વિશ્વવિદ્યાલય (ન્યુપા), ૧૭ – બી, અરવિંદો માર્ગ, નવી દિલ્હી – ૧૧૦૦૧૬ ના રજીસ્ટ્રાર દ્વારાપ્રકાશિત અને ડીજીટલ એક્ષ્પ્રેશન્સ, નવી દિલ્હી – ૧૧૦૦૪૯ દ્વારા ડિઝાઈન અને અનિલ ઓફસેટ અને પેકેજિન્ગ, નવી દિલ્હી – ૧૧૦૦૬૦ દ્વારા મૂદ્રિત

# આમુખ

ભારતની શાળા પદ્ધતિએ છેલ્લા કેટલાક સમયથી અભૂતપૂર્વ ગતિએ પ્રાથમિક શિક્ષાને સર્વવ્યાપક બનાવવા માટે અત્યાધિક પ્રસાર કર્યો છે. પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓનો બહોળા પ્રમાણમાં વધારો થયો છે તેમજ દેશના અનેક ક્ષેત્રોમાં સર્વવ્યાપી વ્યવસ્થા માટે તીવ્ર ગતિએ કાર્ય થઈ રહ્યું છે. યદ્યપિ આ વ્યાપક્તાએ બાળકોની ભાગીદારીના ક્ષેત્રે મહત્ત્વનો પ્રભાવ પાડ્યો છે પરંતુ ગુણવત્તાનો પ્રશ્ન વણઉકેલાયો જ છે. એવું અનુભવાયું છે કે શાળા ગુણવત્તાના મુદ્દાને માત્ર રાજકીય અથવા રાષ્ટ્રીય સ્તરની રણનીતિઓ દ્વારા નહીં ઉકેલી શકાય, એ માટે જરૂરી છે શાળા સ્તરીય રણનીતિ અને સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની. ૧.૫ મિલિયન શાળાઓ સાથે કાર્ય કરવું ખૂબ અઘરું છે, વળી એક જ પ્રકારની રણનીતિઓ દ્વારા બધાને સંબોધી પણ ન શકાય. શાળાને સતત પ્રગતિશીલ સંસ્થાન તરીકે રૂપાંતરિત કરવા માટે સ્થાનીય સ્તરના કાર્યકર્તાઓ સાથે સીધો સંપર્ક ખૂબ આવશ્યક છે. વાસ્તવમાં શાળા નેતૃત્વ વિકાસ કાર્યક્રમનો આ જ હેતુ છે. નિઃસંદેહ આ ધ્યેયમાં શાળાના મુખ્ય શિક્ષકની ભૂમિકા અતિ અગત્યની છે.

પ્રસ્તુત દસ્તાવેજ – શાળા નેતૃત્વ કાર્યક્રમની રૂપરેખા અને અભ્યાસક્રમનો મૂળભૂત સિદ્ધાંત પ્રત્યેક શાળાના વિકાસ અને રૂપાંતરણની પ્રક્રિયાને પ્રતિપાદિત કરે છે. આ દસ્તાવેજનું નિર્માણ; સંશોધન અને વિભિન્ન સંસ્થાઓના તજ્જ્ઞોના સતત પરામર્શન અને કેન્દ્ર અંતર્ગત વિભિન્ન રાષ્ટ્રીય અને રાજકીય કક્ષાના હિતધારકોની વ્યાપક ભાગીદારીની પ્રક્રિયા દ્વારા કરવામાં આવ્યું છે. જે શાળાઓમાં નેતૃત્વ વિકાસ અંતર્ગત ઉપયોગી વિષયવસ્તુ અને પ્રક્રિયાઓને અત્યંત સ્પષ્ટ રીતે પ્રસ્તુત કરે છે. આપેલ રૂપરેખા વિદ્યાર્થીઓના શીખવા-શીખવાડવાની પ્રક્રિયા પર મુખ્ય ભાર આપે છે. આ દસ્તાવેજ દેશના વિવિધ સંદર્ભો અને પરિવેશમાં કાર્યરત વિદ્યાલયોને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવ્યો છે, જેથી તે કેવળ ગુણવત્તા સંબંધી મુદ્દાઓને નહીં પણ ક્ષમતા વિકાસની જરૂરીયાતોને પણ સંબોધી શકે. કોઈ પણ કાર્યક્રમની રૂપરેખાને સતત પરિવર્તનશીલ થવું પડશે અને વિદ્યાલયોમાં બદલાતી જતી પ્રણાલીઓ અનુસાર અપેક્ષિત પરિવર્તનોને સ્થાન આપવું પડશે. એન.સી.એસ.એલ. આ રૂપરેખાને કાર્યાન્વિત કરવા તરફ જઈ રહ્યું છે અને આ દસ્તાવેજ એ માટે માર્ગદર્શન પૂરું પાડશે.

હું આ કાર્યના સંપાદન અને પ્રકાશન માટે રાષ્ટ્રીય શાળા નેતૃત્વ કેન્દ્રને અભિનંદન પાઠવું છું અને આશા રાખું છું કે રાજ્ય સરકાર, અધિકારીઓ, શાળાના મુખ્ય શિક્ષકો સહિત શાળા નેતૃત્વ વિકાસ કાર્યક્રમ સાથે જોડાયેલા બધા જ આનાથી લાભાન્વિત થશે.

નવી દિલ્લી
નોવેમ્બર, ૨૦૧૪

આર. ગોવિન્દા
કુલપતિ

# આભાર

શાળાઓનું રૂપાંતરણ કરવા હેતુ અને શાળા પ્રમુખોને અપેક્ષિત જ્ઞાન, કૌશલ્યો અને મનોવૃત્તિથી સશક્ત બનાવવા માટે રાષ્ટ્રીય શાળા નેતૃત્વ કેન્દ્ર (એન. સી. એસ. એલ.) ની સ્થાપના કરવામાં આવી છે. એન. સી. એસ. એલ. શાળા નેતૃત્વ વિકાસ પર કેન્દ્રિત કાર્યક્રમની રૂપરેખા અને અભ્યાસક્રમના વિકાસ સંબંધી કાર્યમાં સંલગ્ન રહ્યું છે.

માનવ સંસાધન વિકાસ મંત્રાલયે રાષ્ટ્રીય શાળા નેતૃત્વ કેન્દ્રને તમામ પ્રકારની ગતિવિધિઓમાં સમર્થન આપ્યું છે.  જેથી કેન્દ્ર પ્રભાવીરૂપે કાર્ય કરવામાં સમર્થ થઈ શકે. એટલા માટે અમે માનવ સંસાધન વિકાસ મંત્રાલયના પ્રતિ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.

આ દસ્તાવેજ રાષ્ટ્રીયકક્ષાથી લઈને રાજ્યકક્ષા સુધી થયેલ અનેક ચર્ચાઓ તથા પરામર્શક બેઠકોનું પરિણામ છે. આ પ્રક્રિયાથી એન. સી. એસ. એલ., રાષ્ટ્રીય સંસાધન સમૂહ, રાજ્ય સરકાર તથા રાજ્ય સંસાધન સમૂહો વચ્ચે પરસ્પર સદ્‌ભાવ અને એકતાની ભાવનાનો વિસ્તાર થયો છે અને દરેક સદસ્યનું દસ્તાવેજ વિકાસના દરેક તબક્કે જે નિરંતર સમર્થન, માર્ગદર્શન અને પ્રોત્સાહન મળ્યું છે તે માટે અમે તે તમામ સદસ્યોના બહુ આભારી છીએ.

અમે વિશેષરૂપે અમારા માર્ગદર્શક શ્રી આદિત્ય નટરાજ, શ્રી સુનીલ બત્રા અને સુશ્રી શશી મેંદીરત્તા પ્રતિ આભાર વ્યક્ત કરીએ છીએ. આ કાર્યમાં અમને નેશનલ કોલેજ ઓફ ટીચિંગ એન્ડ લીડરશીપ (એન.સી. ટી. એલ. નોટિંગહેમ) યુ.કે. ના સભ્યોનું પરામર્શન અને સહયોગ મળ્યો છે તે બદલ તેમના આભારી છીએ.

આ દસ્તાવેજના વિકાસમાં અમને વહીવટી અને સચિવીય સહયોગ માટે શ્રી એસ. કે. ભટનાગર, સુશ્રી અલ્કા નેગી અને સુશ્રી ગુરમીત સારંગને ધન્યવાદ આપીએ છીએ.

અમને આ દસ્તાવેજની ડિઝાઇન તૈયાર કરવામાં અમૂલ્ય યોગદાન  આપવા બદલ શ્રી રાજેશ હાંડા અને વિરેન્દ્ર સિંહ નેગી પ્રતિ હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ.

અમે ન્યૂપાના સંપાદન અને પ્રકાશન વિભાગના બધા સદસ્યો વિશેષ કરીને શ્રી પ્રમોદ રાવત અને શ્રી અમિત સિંઘલને હાર્દિક ધન્યવાદ આપીએ છીએ.

# ગુજરાતી અનુવાદ કાર્યશાળા ૧૯ - ૨૪ મે ૨૦૧૪ અને ૨૨-૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪

## પ્રતિભાગીઓની સૂચી

**અનુવાદક**

**સુશ્રી ઉર્મિલા જોશી**
પ્રોગ્રામ લીડર
કૈવલ્ય એજ્યુકેશન ફોઉંન્ડેશન

**સુશ્રી દિપ્તીબેન પુરોહિત**
પ્રોગ્રામ મેનેજર એન્ડ લીડર,
જીવનતીર્થ સંસ્થા, અમદાવાદ

**સુશ્રી જ્યોત્સના અમીન**
વ્યાખ્યાતા, શિક્ષણ વિભાગ,
અમ.એસ. યુનિવર્સીટી ઓફ બરોડા

**સુશ્રી અવની ભટ્ટ,**
પ્રોફેશનલ
વડોદરા

**શ્રી વશરામ બલ્દાનીયા**
વ્યાખ્યાતા, જીલ્લા શિક્ષણ તાલીમ ભવન,
ભરૂચ

**સુશ્રી છાયા ઉપાધ્યાય**
શિક્ષક, કન્યા શાળા, ચિખોદર,
આણંદ

**શ્રી રવીશ જાની**
શિક્ષક, ચાણક્ય પ્રાથમિક શાળા
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,વડોદરા

**શ્રી મોન્ટુ કુમાર પટેલ**
રીસર્ચ ફેલો, ગુજરાતી વિભાગ
સરદાર પટેલ વિશ્વવિદ્યાલય, આણંદ

**શ્રી વિપુલ મેહતા**
વ્યાખ્યાતા, જીલ્લા શિક્ષણ તાલીમ ભવન,
રાજકોટ

**શ્રી બુધેશ મેટલીયા**
વ્યાખ્યાતા, જીલ્લા શિક્ષણ તાલીમ ભવન,
ભાવનગર

**સંપાદક**

**સુશ્રી કશ્યપી અવસ્થી**
વ્યાખ્યાતા,ડીપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એન્ડ
નોન-ફોર્મલ એજ્યુકેશન, ન્યુપા
કોઓર્ડીનેટર, શાળા નેતૃત્વ વિકાસ, ગુજરાત

**શ્રી મોન્ટુ કુમાર પટેલ**
રીસર્ચ ફેલો, ગુજરાતી વિભાગ
સરદાર પટેલ વિશ્વવિદ્યાલય, આણંદ

**સુશ્રી દિપ્તીબેન પુરોહિત**
પ્રોગ્રામ મેનેજર એન્ડ લીડર,
જીવનતીર્થ સંસ્થા , અમદાવાદ

# વિષય સૂચી


| | |
|---|---|
| *આમુખ* | III |
| *આભાર* | V |
| **1. પ્રસ્તાવના** | **1** |
| રાષ્ટ્રીય શાળા નેતૃત્ત્વ કેન્દ્ર | 2 |
| **2. સંચાલનનું માળખું** | **4** |
| રાષ્ટ્રીય કક્ષાએ | 4 |
| રાજ્ય કક્ષાએ | 5 |
| **3. શાળા નેતૃત્ત્વ કૌશલ્ય સંવર્ધન અભિગમ** | **6** |
| ઘટક ૧ : અભ્યાસક્રમ અને પાઠ્યસામગ્રી નિર્માણ | 6 |
| ઘટક ૨ : ક્ષમતા વિકાસ | 7 |
| ઘટક ૩ : નેટવર્કિંગ અને સંસ્થાગત નિર્માણ | 9 |
| ઘટક ૪ : સંશોધન અને વિકાસ | 10 |
| **4. શાળા નેતૃત્ત્વ વિકાસ કાર્યક્રમની રૂપરેખા** | **11** |
| ધ્યેય | 12 |
| માર્ગદર્શક સિદ્ધાંતો | 12 |
| અભ્યાસક્રમનું અમલીકરણ | 12 |
| **5. પ્રમુખ ક્ષેત્રો** | **13** |
| મુખ્ય ક્ષેત્ર ૧ : શાળા નેતૃત્ત્વનો દ્રષ્ટિકોણ | 15 |
| મુખ્ય ક્ષેત્ર ૨ : ‘સ્વ’ વિકાસ | 17 |
| મુખ્ય ક્ષેત્ર ૩ : અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનું રૂપાંતરણ | 18 |
| મુખ્ય ક્ષેત્ર ૪ : જૂથ નિર્માણ અને તેનું નેતૃત્ત્વ | 20 |
| મુખ્ય ક્ષેત્ર ૫ : નવતરપ્રયોગોનું નેતૃત્ત્વ | 21 |
| મુખ્ય ક્ષેત્ર ૬ : ભાગીદારીઓ માટેનું નેતૃત્ત્વ | 22 |
| **વિશેષ ક્ષેત્રો** | **24** |
| **પાઠ્યસામગ્રી : પરિપ્રેક્ષ્ય અને અનુકૂલન** | **27** |

# પ્રસ્તાવના

આજે પ્રસાર માધ્યમોને કારણે શાળાઓને લગતી જેટલી ચર્ચાઓ થઇ રહી છે તેટલી પહેલાં ક્યારેય થતી નહોતી. આ ચર્ચાઓને કારણે શાળાઓમાં પરિવર્તન આવે તે અનિવાર્ય છે. જેથી કરીને શાળાઓ જ્ઞાનસજ્જ સમાજની અપેક્ષાઓ સંતોષી શકે. શાળાઓએ રૂપાંતરીત થવું જ જોઇએ એવી પ્રબળ લાગણીના કારણે નેતૃત્ત્વકર્તા તરીકે હવે મુખ્ય શિક્ષકની જવાબદારીઓ ઘણી વધી ગઈ છે.


ભારતના સંદર્ભમાં જોતાં શાળા નેતૃત્ત્વ વિકાસ માટેના થયેલા થોડા ઘણા પ્રયત્નોએ ધ્યાન ખેચ્યું છે અને હવે આપણે શિક્ષણનો અધિકાર આધારિત અભિગમ સ્વીકાર્યો છે, જેમાં સમાન શિક્ષણ, સૌને શિક્ષણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે આનંદમય શૈક્ષણિક વાતાવરણનો સમાવેશ થાય છે, અને આ બધાની પરિપૂર્તિનો આધાર અસરકારક શાળા નેતૃત્ત્વને કેવી રીતે શાળાના રૂપાંતરણના કાર્યમાં પ્રયોજવામાં આવે તેના ઉપર છે.

શાળા નેતૃત્ત્વની આવશ્યકતા એ શાળાઓ માટે વધુ મહત્ત્વની થઈ જાય છે જે પ્રતિકૂળ સંજોગોમાં મર્યાદિત સંસાધનો સાથે કામ કરી રહી છે અને સાથે સાથે વાલીઓ અને સમાજની વધતી જતી અપેક્ષાઓ સામે ઝઝૂમી રહી છે. વર્તમાન પરિસ્થિતિમાં પ્રાપ્ય તકો અને પડકારોને વિવેચનાત્મક દૃષ્ટિએ તપાસી શકે તેવા કુશળ અને બુદ્ધિશાળી હોય તેવા શાળા નેતૃત્ત્વની વર્તમાન જરૂરિયાત તો છે જ, તેમજ તેવા નેતૃત્ત્વને આહ્‌વાન પણ છે. આ સંદર્ભે નવીન માળખાઓનું નિર્માણ કરી શકે અને એવી પ્રક્રિયાઓ વિકસાવી શકે કે જેના વડે શાળાના મુખ્ય શિક્ષક કે શિક્ષકો અને વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને નવીનતાને પ્રોત્સાહિત કરી શકાય તેમજ તે શાળાને 'ઉત્કૃષ્ટતાના કેન્દ્રમાં' રૂપાંતરિત કરી શકાય.

શાળાઓ કંઇ સમાજથી અળગી નથી. વાસ્તવમાં શાળાઓ સમાજના રાજકીય, સામાજિક, આર્થિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પાસાઓથી પ્રતિબિંબિત થઈ છે અને તેનાથી જ તેનું માળખું અને અસ્તિત્વ તૈયાર થયું છે અને આ સામાજિક માળખામાં રહીને જ શાળાઓ કામ કરે છે. તેથી 'શાળા નેતૃત્ત્વ કાર્યક્રમ' જેના વડે આપણે શાળાને 'ઉત્કૃષ્ટતાના કેન્દ્રરૂપે' રૂપાંતર કરવા માંગીએ છીએ તેમાં સમાજના વિવિધ પાસાઓની અવગણના કરવી મુશ્કેલ છે. આના માટે શાળાકીય નેતૃત્ત્વમાં રહેલી સંચાલકીય અને વહીવટી જવાબદારીઓથી આગળ જઇને ઉત્સાહપૂર્વક શાળામાં પરિવર્તનની સઘળી પ્રક્રિયાના મુખ્ય ચાલક તરીકે મુખ્ય શિક્ષકે પોતાની ક્ષમતાઓનું સંવર્ધન કરવું પડશે. આમ કરવા માટે પરંપરાગત તાલીમના માળખાઓમાંથી બહાર આવીને નૂતન રીતે વિચારવું પડશે જેથી શાળાનું નેતૃત્ત્વ કરનાર મુખ્ય શિક્ષક શાળાનો લાંબાગાળાનો વિકાસ કરી શકે અને શાળાના વાસ્તવિક પડકારોને લક્ષમાં લઇ તેની પર કામ કરી શકે. આ દિશામાં ***'શાળા નેતૃત્ત્વ વિકાસ'*** દ્વારા સમગ્ર દેશમાં શાળા શિક્ષણના પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મુખ્ય શિક્ષક માટે સતત અને લાંબાગાળાના ક્ષમતા વર્ધનના કાર્યક્રમની પહેલ કરવામાં આવી છે.

# રાષ્ટ્રીય શાળા નેતૃત્ત્વ કેન્દ્ર

રાષ્ટ્રીય શાળા નેતૃત્ત્વ કેન્દ્ર (એન.સી.એસ.એલ.) ની સ્થાપના પાછળનો ન્યૂપાનો (NUEPA) મુખ્ય હેતુ સામાન્ય શાળાઓને 'ઉત્કૃષ્ટ શાળાઓમાં' રૂપાંતરિત કરવાનો છે અને ધીમે ધીમે નેતૃત્ત્વના વિકાસ દ્વારા સમગ્ર શાળા પ્રણાલીમાં પરિવર્તન લાવવાનો છે. તે માટે 'એન.સી.એસ.એલ.'ની પ્રાથમિકતા શાળા રૂપાંતરણને માટે શાળાને નેતૃત્ત્વ પૂરું પાડી શકે તેવા મુખ્ય શિક્ષકો તૈયાર કરવાની છે. એમાં બધા હિતધારકોના સહિયારા પ્રયત્નો દ્વારા શાળાનું રૂપાંતરણ કરવા માટે સંચાલકો અને અમલકર્તાઓને સતત પ્રવૃત્ત રાખવાનો પણ સમાવેશ થાય છે. એન.સી.એસ.એલ. શાળા શિક્ષણના ખૂબ જ અગત્યના એવા આ ક્ષેત્રમાં સમગ્ર દેશને આવરી લઇ આ ક્ષેત્રનો સર્વાંગી વિકાસ કરી શકાય તે રીતે કામ કરવાની ઈચ્છા ધરાવે છે.






શાળા નેતૃત્ત્વ વિકાસના કાર્યક્રમ દ્વારા એન.સી.એસ.એલ. સમગ્ર દેશમાં શાળાઓની વિવિધતાને ધ્યાનમાં રાખીને એક પરિવર્તનશીલ માળખું નિર્માણ કરવા માંગે છે. જેમાં એવી અપેક્ષા છે કે, આ માળખું બધા જ પ્રકારની શાળાઓને તેમજ તેમના વિવિધ પ્રકારના વહિવટી અને અન્ય બાબતોને પણ આવરી લે છે. એન.સી.એસ.એલ.નો કાર્યાદેશ છે, "દેશના પ્રત્યેક વિદ્યાલય સુધી પહોંચીને તેનું રૂપાંતરણ કરવું."

## નેતૃત્ત્વ વિકાસ કાર્યક્રમનો હેતુ :

શાળાના રૂપાંતરણ માટે નવી પેઢીમાં નેતૃત્ત્વનો  વિકાસ કરવો કે જેથી દરેક બાળક શીખે અને દરેક શાળા શ્રેષ્ઠ બને.

## નેતૃત્ત્વ વિકાસ કાર્યક્રમનો ધ્યેય :


ગુણવત્તાસભર શિક્ષણ આપવા માટે સંસ્થાની રચના કરવી, જે શાળા કક્ષાએ નેતૃત્ત્વના વિકાસને પ્રોત્સાહિત કરે.





# સંચાલનનું માળખું

નવી પેઢીમાં નેતૃત્ત્વના નિર્માણ દ્વારા શાળા રૂપાંતરણના હેતુને સાકાર કરવા માટે એન.સી. એસ.એલ. રાષ્ટ્રીય અને રાજ્યને આધીન સંસ્થાઓના અનુભવજન્ય અધ્યયનનો સમન્વય કરશે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે પ્રમાણે છે.




## રાષ્ટ્રીય કક્ષાએ

એન.સી.એસ.એલ., ન્યૂપાના વાઇસ ચાન્સેલર પ્રો. આર. ગોવિંદાના નેતૃત્ત્વ હેઠળ કામ કરે છે. એન.સી.એસ.એલ.ને તજજ્ઞોના જૂથ દ્વારા, નેશનલ એડવાઇઝરી ગ્રુપ, નેશનલ રિસોર્સ ગ્રુપ અને મેન્ટર્સ દ્વારા પણ માર્ગદર્શન મળે છે. ન્યૂપામાં કાર્યરત એન.સી.એસ.એલ.ની ટીમ તેના આંતરરાષ્ટ્રીય ભાગીદાર નેશનલ કૉલેજ ફોર ટીચિંગ એન્ડ લીડરશીપ (એન.સી.ટી.એલ) નોટિંગહામ, યુ.કે સાથે ઘનિષ્ટતાથી જોડાયેલ હોવાથી વૈશ્વિક સ્તરે નેતૃત્ત્વ માટે જે કંઇ થઇ રહ્યું છે તેને પણ આવરી લઇ શાળા નેતૃત્ત્વ વિકાસ કાર્યક્રમના દરેક પાસાને સમૃદ્ધ કરીને રાષ્ટ્રીય કક્ષાએ કામ કરે છે.

## રાજ્ય કક્ષાએ

એન.સી.એસ.એલ.નો અભિગમ નેતૃત્ત્વ વિકાસ માટે શરૂ કરેલ કાર્યક્રમના કેન્દ્રમાં જરૂરિયાત આધારિત પ્રવૃત્તિઓ કરાવવાનો છે તેમજ તેમાં રાજ્યકક્ષાના, કેન્દ્રશાસિત પ્રદેશોના અને રાષ્ટ્રીય કક્ષાના બધા જ હિતધારકોને સમાવી લઇ તેમને આ કાર્યક્રમમાં સહભાગી બનાવવાનો છે. રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની શૈક્ષણિક સંસ્થાઓના વ્યાપક એવા માળખાંનો ઉપયોગ કરીને રાજ્યકક્ષાએ નેતૃત્ત્વ વિકાસ કાર્યક્રમનું અમલીકરણ આગળ વધારવામાં આવશે. રાજ્યો વડે તેમના રાજ્યમાં 'કોર સ્કુલ લીડરશીપ ડેવલપમેન્ટ ટીમ' ની રચના કરાશે, તેને 'સ્ટેટ રિસોર્સ ગૃપ' (એસ.આર.જી) તરીકે ઓળખવામાં આવશે. સ્થાનિક કક્ષાએ રાજ્યલક્ષી કાર્યક્રમો અને સામગ્રી, સહાયક ક્ષમતા સંવર્ધન કાર્યક્રમો અને લીડરશીપ એકેડમીના તજજ્ઞોનો સમૂહ તૈયાર કરવાની જવાબદારી રાજ્યની રહેશે. જે એન.સી. એસ.એલ., ન્યૂપા સાથે સતત જોડાયેલ રહેશે. આ કેન્દ્રની પ્રવૃત્તિઓ લીડરશીપ એકેડમી અને એસ. આર. જી.ની ટીમના સહયોગથી થશે. આ રીતે જે કાર્યક્રમ તૈયાર થશે તે દરેક રાજ્યમાં પ્રોફેશનલ લર્નિંગ કમ્યૂનિટી (PLC) ને તૈયાર કરશે, જે એન.સી.એસ.એલ., ન્યૂપા સાથે સતત સંપર્કમાં રહીને, ચર્ચા પરિષદ, પરિસંવાદ અને મોડ્યુલર કોર્સ દ્વારા પોતાના વ્યવસાયિક વિકાસને વેગવંતો બનાવશે જેથી શાળાકક્ષાએ મુખ્ય શિક્ષકને તેનો લાભ મળે.

# શાળા નેતૃત્ત્વ કૌશલ્ય સંવર્ધન અભિગમ

શાળાકીય નેતૃત્ત્વની સંકલ્પનાને ધ્યાનમાં રાખીને એન.સી.એસ.એલ., ન્યૂપા નવી દિલ્હી દ્વારા સંદર્ભ અને પરિસ્થિતિ અનુસાર પરિવર્તનશીલ એવો શાળા નેતૃત્ત્વ કૌશલ્ય વર્ધનનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે, જે સમગ્ર દેશની પ્રાથમિક થી માંડીને ઉચ્ચતર માધ્યમિક સુધીની દરેક પ્રકારની શાળાઓની વૈવિધ્યતાસભર જરૂરિયાતોને સંતોષે છે. આ કાર્યક્રમ બહુવિધ સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય, ભૌગોલિક પરિસ્થિતિ, વિદ્યાર્થીઓની સંખ્યા, વહીવટી માળખા, શાળાઓના પ્રકાર વગેરે જેવી વિવિધ બાબતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલ છે. તેથી જ આ કાર્યક્રમનું મહત્ત્વ આપણે સ્વીકારેલ અધિકાર આધારિત અભિગમવાળી શિક્ષણ વ્યવસ્થામાં ખૂબ જ વધી જાય છે. અભ્યાસક્રમ અને પાઠ્યસામગ્રી નિર્માણ, ક્ષમતા નિર્માણ, નેટવર્કીંગ અને સંસ્થાગત નિર્માણ, સંશોધન અને વિકાસના આ ચાર મુખ્ય ઘટકો પર સમગ્ર નેતૃત્ત્વ કૌશલ્ય સંવર્ધન કાર્યક્રમની વિભાવના તૈયાર થયેલી છે. અભ્યાસક્રમ અને પાઠ્યસામગ્રી એસ.આર.જી.ના શાળા નેતૃત્ત્વકર્તાના ક્ષમતા વિકાસમાં મદદરૂપ નીવડશે. નેટવર્કીંગ (ઉપલબ્ધ માળખાના ઉપયોગ) અને સંશોધન દ્વારા તજજ્ઞો અને શાળા નેતૃત્ત્વકર્તાને એકબીજાની નજીક લાવવામાં આવશે તેમજ તેઓ નેતૃત્ત્વ નિર્માણની પ્રક્રિયાને વિકસાવશે, તેને અમલમાં મુકશે અને સમગ્ર પ્રક્રિયાનો અભ્યાસ કરશે. બધા જ ક્ષેત્રો પરસ્પર એકબીજા સાથે કેવી રીતે જોડાયેલા છે તેને ધ્યાનમાં રાખીને હેતુપૂર્વકની પ્રવૃત્તિઓની યોજનાનું આયોજન કરવામાં આવશે. જેથી અભ્યાસક્રમનું નિર્માણ, શાળાઓમાં તેનું અમલીકરણ, સમીક્ષા અને પ્રતિભાવ આ બધાનું એકાકીકરણ થઇ શકે. જે નવા જ્ઞાનનું સર્જન કરવામાં, યોજના બનાવવામાં, આયોજન કરવામાં, કાર્યક્રમના વિકાસમાં, પાઠ્યસામગ્રી નિર્માણમાં અને કાર્યયોજનાના ક્ષેત્રમાં અમલીકર્તા અને શાળા નેતૃત્ત્વકર્તાને તેમજ પીએલસીને મદદરૂપ થશે.

## ઘટક - ૧ અભ્યાસક્રમ અને પાઠ્યસામગ્રી નિર્માણ

શાળા નેતૃત્ત્વ કૌશલ્ય વર્ધન કાર્યક્રમના અભ્યાસક્રમની રૂપરેખા એક વ્યાપક અને સંદર્ભ અનુસાર ફેરફાર કરી શકાય તેવો દસ્તાવેજ છે. જે શાળા પરિપ્રેક્ષ્યમાં તથા ૨૧મી સદીના પડકારના સંદર્ભમાં શાળા નેતૃત્ત્વકર્તાની ભૂમિકાને વિકસાવવામાં મદદ કરે છે. અભ્યાસક્રમની રૂપરેખા ૬ મુખ્ય ક્ષેત્રો પર આધારિત છે. જે મુખ્યત્વે શાળા નેતૃત્ત્વની સંકલ્પના અને નેતૃત્ત્વશૈલી પર કેન્દ્રિત છે. આ દસ્તાવેજ રાષ્ટ્રીય કક્ષાના શિક્ષણવિદ્ અને

કાર્યક્રમને અમલમાં મુકનારા સંનિષ્ઠ વ્યક્તિઓની સાથે બેસી, મનોમંથન કરીને તૈયાર કરવામાં આવેલ છે. આ દસ્તાવેજને આઠ રાજ્યોના સ્ટેટ રીસોર્સ ગ્રુપના સભ્યોની મદદથી શાળાના મુખ્ય શિક્ષકોની જરૂરીયાત અને વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલ છે.

ભારતના શૈક્ષણિક માળખાની વૈવિધ્યતાને ધ્યાનમાં રાખી, અભ્યાસક્રમની રૂપરેખામાં રાજ્યોના વિવિધ સંદર્ભોનો સમાવેશ કરેલ છે.

## હેતુઓ

- સાંપ્રત અને ભાવી મુખ્ય શિક્ષકો માટે અભ્યાસક્રમનું નિર્માણ તથા જરૂરીયાત અનુસાર ક્ષમતા નિર્માણ કાર્યક્રમ તૈયાર કરવો.
- મુખ્ય શિક્ષકો માટે સંદર્ભો અને પાઠ્યસામગ્રી તૈયાર કરવી અને સંસાધનો ઊભા કરવા.
- વૈવિધ્યસભર સંદર્ભ ધરાવતી શાળાઓ માટે સાહિત્ય તૈયાર કરવું અને તેને પરિસ્થિતિ અનુરૂપ ઢાળવું.

## ઘટક – ૨ ક્ષમતા વિકાસ

આ ઘટક પ્રાથમિક રીતે મુખ્ય શિક્ષકોના નેતૃત્ત્વ સંવર્ધનના કાર્યક્રમ પર કેન્દ્રિત છે. આ ઘટક દ્વારા રાજય, જિલ્લા, તાલુકા અને સમૂહ કક્ષાએ તમામ હિતધારકોને સાંકળીને એક દૂરંદેશીપણું ધરાવતો શાળા નેતૃત્ત્વ કૌશલ્ય વર્ધનનો કાર્યક્રમ નિર્માણ થશે. આ ઘટક અભ્યાસક્રમની રૂપરેખામાં સમાવેશ કરેલા મુખ્ય ક્ષેત્રો પર આધારિત છે. જેને સરળ અને સુગમ પરિવેશમાં જરૂરિયાત આધારિત કાર્યક્રમ દ્વારા સંપાદિત કરવામાં આવશે. વિવિધ પ્રવૃત્તિઓ અને અનુચિંતન સાથે આ અભ્યાસક્રમના અમલીકરણ પર અહીં ભાર મૂકવામાં આવેલ છે. જેથી મુખ્ય શિક્ષક તેના વ્યવસાયિક જીવન સાથે આ અભ્યાસક્રમને જોડી શકે અને શાળાને બદલનારા પરિબળ તરીકેની પોતાની ભૂમિકા સમજી શકે. સમગ્ર દેશમાં લક્ષ્ય આધારિત અને સમસ્યા કેન્દ્રિત ટૂંકા તેમજ લાંબા ગાળાના અભ્યાસક્રમ દ્વારા આ કાર્યક્રમનું અસરકારક અમલીકરણ શક્ય બનશે. આ કાર્યક્રમનો હેતુ શાળાના મુખ્ય શિક્ષકોની નેતૃત્ત્વ સજ્જતામાં ઉત્તરોત્તર વધારો કરી શાળાને એક સફળ અને સબળ નેતૃત્ત્વ દ્વારા ગુણવત્તાયુકત બનાવવાનો છે. આ ઉપરાંત આ કાર્યક્રમ રાજય અને જિલ્લા કક્ષાએ કાર્યરત વ્યવસ્થાપકો, શિક્ષકો કે અધ્યાપકોને જરૂરીયાત અનુસાર શાળા નેતૃત્ત્વ સંવર્ધન કાર્યક્રમની આ યોજનાને અમલીકૃત બનાવવા સક્ષમ બનાવશે.

## હેતુઓ

- મુખ્ય શિક્ષકોને એક વ્યવસ્થાપક તરીકેની તેમની માનસિકતામાંથી બહાર લાવી એક સક્રિય અને નવતર પ્રયોગો કરનાર વ્યક્તિમાં પરિવર્તિત કરવા.
- શાળા નેતૃત્ત્વ સંવર્ધન કાર્યક્રમને રાજય કક્ષાએ અમલીકૃત કરવા રાજય કક્ષાએ તેમજ સંઘ કક્ષાએ જ એક વિવેચકોનું જૂથ તૈયાર કરવું.
- અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા, વ્યક્તિગત અને વ્યવસાયિક વિકાસ, શાળાતંત્રની પ્રક્રિયામાં નવતર પ્રયોગો અને સમાજની ભાગીદારી જેવા ક્ષેત્રોમાં મુખ્ય શિક્ષકોને સજ્જ કરવા.
- શાળાની ગુણવત્તા વધારવા માટે સ્થાનિક સત્તાતંત્ર તથા સમિતિઓને (જેમ કે શાળા વ્યવસ્થાપન સમિતિ) સમર્થ બનાવવી અને શિક્ષણ વ્યવસ્થાના નેતૃત્ત્વનું સશક્તિકરણ કરવું.

ક્ષમતા વિકાસ કાર્યક્રમના અમલીકરણની જવાબદારી એન.સી.એસ.એલ. – ન્યૂપાના માર્ગદર્શન હેઠળ રાજ્યની રહેશે. આ કાર્યક્રમ દ્વારા પ્રમાણિત પાઠ્યસામગ્રીની મદદથી મુખ્ય શિક્ષકો તેમણે આત્મસાત કરેલા જ્ઞાન અને કૌશલ્યોનું ઉપાયોજન કરે તે અપેક્ષિત છે. આ કાર્યક્રમ અંતર્ગત વપરાતી પાઠ્યસામગ્રી માત્ર એક રૂપરેખા છે. જે તે રાજ્ય પોતાના પરિપ્રેક્ષ્ય અનુસાર આ કાર્યક્રમમાં ફેરફાર કરી શકે છે. દરેક રાજ્યમાંથી શાળા નેતૃત્ત્વ આધારિત પસંદગી પામેલ કેસ સ્ટડીનો વ્યવસ્થિત અભ્યાસ કરી, તેનો ક્ષમતા વિકાસ કાર્યક્રમમાં દરેક સ્તર પર ઉપયોગ કરવામાં આવશે. શાળા નેતૃત્ત્વ સંવર્ધન કાર્યક્રમનો દ્રષ્ટિકોણ ખૂબ જ વિશાળ છે જે મુખ્ય શિક્ષકોને તાલીમની સાથે સાથે શાળાના સ્તરે માર્ગદર્શન અને સહાય પૂરી પાડશે.

## ઘટક – ૩ નેટવર્કિંગ અને સંસ્થાગત નિર્માણ

એન.સી.એસ.એલ. દેશના બધા જ રાજ્યોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણના લક્ષ્યને સિદ્ધ કરવા માટે રાજ્યની વિવિધ સંસ્થાઓ, વ્યવસાયિકો તથા તજજ્ઞોના દીર્ઘકાલીન જોડાણની પરિકલ્પના કરે છે.

શાળા નેતૃત્ત્વના રૂપાંતરકારી મુદ્દાને દરેક શાળા અનુસરે તે જરૂરી છે. આના અનુસંધાનમાં એન.સી.એસ.એલ. કક્ષાએ આ કાર્યક્રમ સરકારી અને બિનસરકારી એમ બંને પ્રકારની વ્યવસાયિક સંસ્થાઓ સાથે ભાગીદારી કરશે જે અગાઉથી જ જે તે રાજ્યોમાં વિદ્યાલય નેતૃત્ત્વ ક્ષેત્રે કાર્યરત છે અથવા તે ક્ષેત્રમાં કાર્ય કરવાની ઈચ્છા ધરાવે છે. તેની સાથે સાથે એન.સી.એસ.એલ. રિસોર્સ ગ્રુપ, રાજ્ય, જિલ્લા, બ્લોક અને ક્લસ્ટર કક્ષાના કાયદેસરના સંગઠનો સાથે જોડાશે. આ જોડાણથી જે તે સંસ્થાઓનું ક્ષમતા વર્ધન કરી શાળા નેતૃત્ત્વ વિકાસ કાર્યક્રમમાં સહભાગી કરશે.

એન.સી.એસ.એલ. દરેક રાજયોમાં તેના દ્વારા સ્થાપિત સ્ટેટ રીસોર્સ ગ્રુપ, પસંદ કરેલ જિલ્લાઓમાં આવેલા એંકર ઇન્સ્ટીટયૂટ અને એક નોડલ એજન્સી સાથે રહીને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવાનું વિચારે છે. ભવિષ્યમાં સ્થાપિત રાજ્ય કક્ષાએ નોડલ ઇન્સ્ટીટયૂટ અને એંકર ઇન્સ્ટીટયૂટ લીડરશીપ એકેડેમીમાં રૂપાંતરિત થશે અને રાજ્યની લીડરશીપ એકેડેમી રાષ્ટ્રીય કેન્દ્રના સહાયક તરીકે કાર્ય કરશે એવી પણ એક પરિકલ્પના છે. લીડરશીપ એકેડેમી જિલ્લા અને બ્લોક કક્ષાની સંસ્થાઓના નેટવર્ક સાથે સીધેસીધું કામ કરશે. લીડરશીપ એકેડેમીની કામગીરીનો આધાર કાર્યક્રમની જરૂરીયાત અને કાર્યક્રમમાં મદદરૂપ થઇ શકે તેવી યોગ્ય સંસ્થાઓની સંમતિ અને ઉપલબ્ધતા પર રહેશે. આ માટે પ્રત્યેક રાજયમાં નેતૃત્ત્વ એકેડેમી અને સ્ટેટ રિસોર્સ ગ્રુપનું ગઠન કરવાનો પ્રસ્તાવ કરવામાં આવે છે.

### હેતુઓ

- રાજ્ય સરકાર સાથે ચર્ચા કરીને લીડરશીપ એકેડેમીની સ્થાપના કરવી અને એન.સી.એસ.એલ. અને લીડરશીપ એકેડેમી વચ્ચે સંવાદિતા વિકસાવવી.
- શાળામાં નેતૃત્ત્વ પૂરું પાડનાર મુખ્ય શિક્ષક અને પાયાના સંચાલકો કે જેઓ ક્લસ્ટર, બ્લોક અને જિલ્લાકક્ષાએ શાળાઓ સાથે, શાળા વ્યવસ્થાપન સમિતિ અને સમાજના સભ્યો સાથે નજીકથી જોડાઇને કામ કરે છે તેમની વચ્ચે કડીરૂપ જોડાણ સ્થાપવું.
- દેશમાં નેતૃત્ત્વ વિકાસના અસરકારક અમલીકરણ માટે સહિયારા અધ્યયનના અનુભવનું સર્જન કરવા માટે જિલ્લા, રાજ્ય અને શાળાકક્ષાએ નેતૃત્ત્વ પૂરું પાડનાર પ્રોફેશનલ લર્નિંગ કોમ્યુનીટીની (PLC) રચના કરવામાં આવશે.

નેટવર્કીંગ અને લીડરશીપ એકેડેમીની સ્થાપના માટે એન.સી.એસ.એલ. રાજ્ય સરકાર અને અન્ય સંસ્થાઓ સાથે ચર્ચા અને સંવાદ માટે અગત્યની ભૂમિકા ભજવશે. દરેક એકેડેમી રાજ્યના જુદા જુદા ભૌગોલિક વિસ્તારમાં આવેલી ઉચ્ચ અધ્યયન માટે પસંદ કરેલી સંસ્થાઓમાં આવેલી હશે. આ એકેડેમી રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશોના શિક્ષણ વિભાગ અને સમગ્ર એસઆરજી ટીમ સાથે જોડાઈને કામ કરશે. આ લીડરશીપ એકેડેમી પોતાના સભ્યો સિવાય સ્થાનિક તજજ્ઞો, મુખ્ય શિક્ષકો, સ્વયંસેવકો, નિવૃત્ત મુખ્ય શિક્ષકો અને સમાજના સભ્યો કે જેઓ વ્યવસાયિક સંવાદ વડે શાળાનું નેતૃત્ત્વ કરનાર વ્યક્તિ સાથે સંકળાયેલા છે, એવા જૂથની મદદ લેશે.

આ પ્રકારનું વ્યવસાયિક આદાન-પ્રદાન કરનારો વર્ગ ક્લસ્ટર, બ્લોક કે જિલ્લા કક્ષાએ તેમની શ્રેષ્ઠ પ્રણાલીઓ તથા શૈક્ષણિક અનુભવો અને અધ્યયનની પરસ્પર આપ-લે કરશે. આ વર્ગને આપણે વ્યવસાયિક અધ્યયન સમુદાય (PLC - Professional Learning Community) કહીશું.

## ઘટક – ૪ સંશોધન અને વિકાસ

શાળા નેતૃત્ત્વના ક્ષેત્રમાં અભ્યાસક્રમને વિકસાવવા, તેમાં આવતી મુશ્કેલીઓને સમજવા માટે અને નવા જ્ઞાનના સર્જન માટે સંશોધન અને વિકાસ બંને અનિવાર્ય છે. એન.સી.એસ.એલ. સંશોધન દ્વારા શાળાનો વિકાસ થાય તે માટે અન્ય સંશોધન સંસ્થાનો અને સ્વતંત્ર રીતે કામ કરનારા વિદ્વાનોની સાથે મળી શાળા કક્ષાએ નેતૃત્ત્વ માટે જરૂરી એવા સંશોધનાત્મક અભ્યાસ હાથ ધરશે.

### હેતુઓ

- શ્રેષ્ઠ નેતૃત્ત્વની પ્રણાલીઓને એકઠી કરી તેમનું દસ્તાવેજીકરણ કરવું અને જરૂરિયાત ધરાવનારા વર્ગ સુધી પહોચાડવું.
- ભારતીય સંદર્ભમાં શાળા નેતૃત્ત્વ વિકાસના ક્ષેત્રને લગતી નવી જાણકારીનું આદાન-પ્રદાન કરવું.

આ સમગ્ર 'શાળા નેતૃત્ત્વ વિકાસ કાર્યક્રમ' ના અભ્યાસક્રમની રૂપરેખા અને કાર્યક્રમના સંચાલનને માટે એક માર્ગદર્શિકા (હેન્ડબુક) હશે જેમાંથી કાર્યક્રમના લાભાર્થીને માર્ગદર્શન મળી રહેશે. અભ્યાસક્રમની રૂપરેખા હવે પછીના વિભાગોમાં આપવામાં આવેલ છે.

# શાળા
# નેતૃત્ત્વ વિકાસ
# કાર્યક્રમની રૂપરેખા

શાળા નેતૃત્ત્વના વિકાસને કેન્દ્રમાં રાખીને જ એન.સી.એસ.એલ. દ્વારા અભ્યાસક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. આ અભ્યાસક્રમ નેતૃત્ત્વ કર્તાને શાળા રૂપાંતરણમાં મુખ્ય ભૂમિકા રૂપે જુએ છે. અભ્યાસક્રમનો મુખ્ય હેતુ જ નેતૃત્ત્વ કરનાર વ્યક્તિમાં જ્ઞાન, કૌશલ્યો અને આત્મવિશ્વાસ વિકસાવવાનો છે. જેનાથી તેઓ જવાબદારી નિભાવી શકે અને મુશ્કેલીને મુશ્કેલી તરીકે ના જોતા એક પડકાર તરીકે સ્વીકારે. 'હું કરી શકીશ ' થી 'અમે કરી શકીશું' અને ત્યારબાદ 'અમે કરીશું' એવા અભિગમમાં ફેરવી શકે. આ પ્રકારના વલણ બદલાવથી દરેક વિદ્યાર્થી શીખશે અને દરેક શાળા ઉત્કૃષ્ટ બનશે. એન.સી.એસ.એલ. દ્વારા અભ્યાસક્રમને એ રીતે બનાવવામાં આવ્યો છે કે જેથી શાળાને નેતૃત્ત્વ પૂરું પાડનાર વ્યક્તિ પોતાનામાં વિશ્વાસ મુકે, વ્યક્તિગત અને વ્યવસાયિક, કૌશલ્યોને વિકસાવી શકે, અધ્યયન-અધ્યાપનની નવી પ્રયુક્તિઓ વિકસાવે જેથી પોતાની સાથે કામ કરનારા શિક્ષકોને નેતૃત્ત્વ પૂરું પાડી શકે, બાળકોના અધિકારોથી વાકેફ થાય અને હિતધારકની સાથે અસરકારક ભાગીદારી વિકસાવી શકે.

## ધ્યેય

વિદ્યાર્થીની અધ્યયન સુધારણા અને વિકાસને કેન્દ્રમાં રાખી મુખ્ય શિક્ષકોને શાળા પરિવર્તન માટે સમર્થ બનાવવા.

## માર્ગદર્શક સિદ્ધાંતો

દરેક મુખ્ય શિક્ષક વિકસવાની અને પોતાના વ્યવસાયમાં સર્વ શ્રેષ્ઠ બનવાની અભિલાષા ધરાવે છે. આ માન્યતાને ધ્યાનમાં લઇ અભ્યાસક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. પુખ્તવયની વ્યક્તિ જુદી રીતે શીખે છે માટે તેઓ યોગ્ય રીતે સમજી શકે એવું સરળ અને સરળતાથી ભારતની વિવિધ ભાષાઓમાં અનુવાદ કરી શકાય તેવા આ સાહિત્યનો મુખ્ય શિક્ષકો ઉપયોગ કરીને પોતાની આગવી અધ્યયનની શૈલી વિકસાવી શકશે. આ અભ્યાસક્રમની રચના  સૈદ્ધાંતિક નિયમો પર કરવામાં આવેલ છે, પરંતુ તેનું વિષયવસ્તુ અને પ્રક્રિયા શાળા નેતૃત્ત્વની વ્યવહારિક બાબતો સાથે જોડાયેલ છે. મુખ્ય શિક્ષકનો શાળા વ્યવસ્થાપકો, સમાજ અને શિક્ષકો સાથેનો સંબંધ મજબૂત અને હંમેશા  વિકાસશીલ હોય છે તેવી સમજ સાથે આ અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવેલ છે.

## અભ્યાસક્રમનું અમલીકરણ

અભ્યાસક્રમની રૂપરેખા સહભાગીતાનો અભિગમ અપનાવે છે જેમાં શાળામાં કામ કરતા આશાવાદી મુખ્ય શિક્ષકોનો સમાવેશ થાય છે. અભ્યાસક્રમના અમલીકરણ માટેની પદ્ધતિ અને અભિગમમાં અનુભવજન્ય અધ્યયન, માર્ગદર્શન, વિવેચનાત્મક ચિંતન અને ક્ષેત્રીય સ્તરના જોડાણનો સમાવેશ થાય છે. સાંપ્રત સમયમાં સતત સંવર્ધિત થતો રહે, સતત આવતા પરિવર્તનોને સમજીને સ્વીકારી શકે અને શાળાના આગેવાનો અને માર્ગદર્શકોના જીવંત અનુભવની નજીક હોય તેવા અભ્યાસક્રમની આપણને જરૂર છે.

# પ્રમુખ ક્ષેત્રો

પ્રાથમિક શાળા કક્ષાએ નેતૃત્ત્વના વિકાસનો ધ્યેય સિદ્ધ કરવા માટે અભ્યાસક્રમની રૂપરેખા મુખ્ય છ પ્રમુખ તત્ત્વો પર આધારિત છે અને તે પ્રમુખ તત્ત્વોનો જ આધાર લઈને આ અભ્યાસક્રમની રૂપરેખા નક્કી કરવામાં આવેલી છે. આ પ્રમુખ ક્ષેત્રો શાળામાં પરિવર્તન લાવવા અને શાળાના આગેવાનના વ્યવસાયિક વિકાસ માટે જરૂરી સુવ્યાખ્યાયિત હેતુઓ તથા વિષયવસ્તુ ધરાવે છે.



ધ્યેય સિદ્ધ કરવા માટે શાળા પરિવર્તનના સાફલ્યવાદી દ્રષ્ટિ અને શાળા આગેવાનની વિવેચનાત્મક ભૂમિકાને ધ્યાનમાં રાખીને આ છ ક્ષેત્રો એકબીજા સાથે ગાઢ રીતે ગૂંથાયેલા છે. અભ્યાસક્રમની રૂપરેખા અનુસાર શાળા એ એક અધ્યયન કરતી સંસ્થા છે જે બાળકોના સર્વાંગીણ વિકાસ અને ઉછેર માટે સુવિધાઓ આપે છે. સમાનતા અને ભેદભાવરહિત મૂલ્યો દ્વારા માર્ગદર્શિત એવા શાળા આગેવાનોમાં હકારાત્મક સ્વ-સંકલ્પનાનો વિકાસ અને તેઓને વ્યવસાયિક ચિંતનકાર બનવા પ્રોત્સાહન આપવાની અભ્યાસક્રમની ક્ષમતા પર આ અભિગમ આધાર રાખે છે.

ભારતીય શાળા વ્યવસ્થામાં રહેલી વિવિધતાને ધ્યાનમાં રાખીને આ અભ્યાસક્રમની રૂપરેખા ક્ષેત્રશોધનનો અવકાશ અને ચોક્કસ ક્ષેત્રની સમજ પૂરી પાડે છે. જેથી ડુંગરાળ પ્રદેશ, રણ વિસ્તાર, આદિવાસી વિસ્તાર, અતિવૃષ્ટિ કે પૂરગ્રસ્ત વિસ્તારો, સામાજિક સંઘર્ષ અનુભવતો વિસ્તાર અને કુદરતી કે માનવસર્જિત હોનારતવાળા વિસ્તારના પડકારો સમજી શકાય અને તેનું નિરાકરણ લાવી શકાય એ જ રીતે નાની શાળાઓ અને બહુશ્રેણીય શાળાઓના પડકારો પણ ધ્યાનમાં લઇ શકાય.

## મુખ્ય ક્ષેત્ર ૧ : શાળા નેતૃત્ત્વનો દ્રષ્ટિકોણ

આ ક્ષેત્રનો હેતુ નેતૃત્ત્વ અંગેની સમજ તથા તેની શાળાના પરિવર્તન પર થતી અસરોને જાણવાનો છે. આ ક્ષેત્ર શાળાને એક અધ્યયન કરતી સંસ્થા તરીકે સ્વીકારે છે જ્યાં બાળકોની વિકાસ અને વૃદ્ધિના અવસરો પ્રાપ્ત થાય અને સતત પ્રયોગો તથા પરિવર્તનને પ્રોત્સાહન મળે તે માટેના ક્ષેત્ર તરીકે સમજવાની એક સંકલ્પના પૂરી પાડે છે. આ ક્ષેત્ર શાળા કક્ષાએ પરિવર્તન માટેની દીર્ઘદષ્ટિને વિકસિત કરવા પર ભાર મુકે છે.

### હેતુ

- 'શાળા નેતૃત્ત્વ' આ સંકલ્પનાને સમજવી તથા શાળા પરિવર્તન અને સુધારણા અંગેની દીર્ઘદષ્ટિ વિકસાવવી.

### યુનિટ ૧ : શાળા એક અધ્યયન સંસ્થા તરીકે

- શાળાઃ એક સામાજિક સંસ્થા તરીકે
- સંસ્થા તરીકે શાળાનો ક્રિયાશીલ અને ગતિશીલ સ્વભાવ
- શાળામાં થતી આદાન-પ્રદાન પ્રક્રિયાઓ (પારસ્પરિક પ્રવૃત્તિ)
- શાળાઃ અધ્યયન અને વિકાસ માટેનો પાયો

### યુનિટ ૨ : શાળા નેતૃત્ત્વ : બહુઆયામી ભૂમિકા અને ઓળખ

- નેતા એક દીર્ઘદ્રષ્ટા તરીકે
- નેતા એક પરિવર્તનની શરૂઆત કરનાર તરીકે
- નેતા એક અડગ, પ્રેરણાદાયક, સમાજકેન્દ્રી અને આજીવન વિદ્યાર્થી તરીકે
- શાળાની અસરકારકતા વધારવામાં નેતૃત્ત્વની અગત્યતા
- નેતા એક ચિંતનકર્તા તરીકે

### યુનિટ ૩ : શાળા વિકાસ માટે દીર્ઘદષ્ટિ

- શાળા રૂપાંતરણ માટે દીર્ઘદષ્ટિ
- શાળાના સંદર્ભો અને અભાવોનું મૂલ્યાંકન અને તેની સમજણ
- શાળા વિકાસ યોજના દ્વારા દીર્ઘદષ્ટિનું સાકારપણું
- સમયાંતરે નિરીક્ષણ કરી અને ફેરબદલ દ્વારા આવેલ પરિવર્તનને જાણવું

## યુનિટ ૪ : રૂપાંતરણની સમજ

- શાળા રૂપાંતરણના માર્ગદર્શક સિદ્ધાંતોઃ સમતા, સમાનતા અને ગુણવત્તાનો સમાવેશ કરવો
- શાળા એક સામૂહિક સંસ્થાઃ શાળા રૂપાંતરણ માટેના વિચારો, ક્ષમતાઓ, અને ધ્યેયો
- વ્યક્તિગત પરિવર્તનની ક્રિયાશીલતાઃ વલણ અને પ્રક્રિયા, વિચાર અને ચિંતન, વાલી, શિક્ષક તથા સામાજિક સભ્યો સાથે જોડાણ અને સંવાદ
- પરિવર્તન : સમસ્યાઓનો સામનો અને નવી તકોનું નિર્માણ

## યુનિટ ૫ : બાળકને પ્રાધાન્યતા

- બાળપણને સમજવું
- બાળકનો સર્વાંગી વિકાસ
- શાળામાં બાળકના અધિકારો
- સમાનતા, ભેદભાવરહિતતા અને સૌને માટે માનની પરંપરા
- એક સુરક્ષિત અને સલામત સ્થળ સ્વરૂપે શાળા

## યુનિટ ૬ : કાર્યકારી સિધ્ધાંતોનું રૂપાંતરણ

- ધ્યેયને નજરમાં રાખીને તેના તરફ પ્રયાણ
- બહુવિધ પરિપ્રેક્ષ્યનો સ્વીકાર અને તેની સાથે અનુકૂલન
- અર્થપૂર્ણ આદાન પ્રદાન માટે પ્રક્રિયાનું સર્જન
- પરિવર્તન અને સુધારા માટે તૈયાર રહેવું
- જવાબદારી પ્રત્યે પ્રતિબદ્ધતાને પ્રોત્સાહન

## મુખ્ય ક્ષેત્ર ૨ : 'સ્વ' વિકાસ

આ ક્ષેત્ર ક્ષમતા, વલણ અને મૂલ્યોને ધ્યાનમાં રાખી હકારાત્મક સ્વ ઓળખ વિકસાવવા, ચિંતનાત્મક આદાન પ્રદાન દ્વારા સ્વ વિકાસ અને સતત અધ્યયન પર ભાર મૂકે છે અને સ્વ વિકાસ તથા અન્યના વિકાસ માટે તકો આપવા તથા સતત શિખવા માટે તકો ઊભી કરવા સંદર્ભે નેતાની ભૂમિકા પર ભાર મૂકે છે.

### હેતુ

- સ્વ ઓળખ, અન્ય સાથે તથા શાળા સંદર્ભે સ્વ ઓળખ અને સ્વ વિકાસ.

### યુનિટ ૧ : 'સ્વ' ઓળખ

- 'સ્વ' સમજ – વ્યક્તિ તરીકે અને શાળામાં વ્યવસાયકાર તરીકે
- વ્યવસાયિક જીવનનો અર્થ અને ઉદ્દેશ્યની સમજ
- હકારાત્મક સ્વ-સંકલ્પના અને આત્મસન્માનનો વિકાસ

### યુનિટ ૨ : અન્યની સાપેક્ષમાં સ્વ

- શાળાના સામાજિક પરિપ્રેક્ષ્યમાં સ્વનું સ્થાન
- બહુવિધ ભૂમિકા અને પરસ્પર વિરોધી પરિસ્થિતિમાં વિવિધ અપેક્ષાઓ સાથે સ્વ-વ્યવહાર
- પ્રભાવ અને કાળજીનો વ્યાપ

### યુનિટ ૩ : શાળાના પરિપ્રેક્ષ્યમાં સ્વનું સ્થાન

- સ્વ વિકાસના ધ્યેયો અને સંસ્થાકીય ધ્યેયોને એક કેન્દ્ર તરફ લઈ જવા
- શાળા સંચાલનના સંદર્ભમાં બહુવિધ ભૂમિકા
- વ્યવસાયિક ધ્યેયો અને કાર્યના એકીકરણ પર ચિંતન

### યુનિટ ૪ : સ્વ વ્યવસાયિક વિકાસ

- લોકોની સાથે કાર્ય અને જોડાણ
- સામાજિક અધ્યયન અને સૌના વિકાસ માટેનું સ્થળ - શાળા
- સામાજિક અને નૈતિક જવાબદારીઓનું નિર્માણ કરવું

## મુખ્ય ક્ષેત્ર ૩ : અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનું રૂપાંતરણ

આ ક્ષેત્ર નેતૃત્ત્વમાં ક્ષમતાઓનો વિકાસ કરવા પર કેન્દ્રીત છે જેથી તે શાળાને સંશોધન અને નવસર્જનના સ્થળ તરીકે જોઈ શકે. સર્જનાત્મક અને વિદ્યાર્થી કેન્દ્રી વર્ગખંડ પ્રક્રિયાની સ્પષ્ટ સમજણ દ્વારા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં બદલાવ લાવી શકે, આમ આ ક્ષેત્રનો હેતુ મુખ્ય શિક્ષકમાં પોતાની શાળામાં થતી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં બદલાવ માટેની ક્ષમતા વિકસાવવાનો છે.

### હેતુ

- નવતર પ્રયોગો અને સક્રિય અધ્યયનના અવકાશ સાથે અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં વિદ્યાર્થી કેન્દ્રી પરીવર્તન લાવવું એટલે કે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને બાળકેન્દ્રી સર્જનાત્મક કાર્યમાં રૂપાંતરિત કરવું.

### યુનિટ ૧ : શાળા અને શિક્ષણનો હેતુ

- કુતૂહલવૃત્તિને પોષણ આપવું
- જટિલ વિચારસરણીને પારખી શકે તે માટેનું શિક્ષણ
- સક્ષમ થવા માટેનું શિક્ષણ
- જવાબદાર નાગરિક તૈયાર કરવા

### યુનિટ ૨ : બાળકેન્દ્રી શિક્ષણશાસ્ત્રની સમજ

- વિકસિત બાળકની અધ્યયન અને વિકાસાત્મક જરૂરીયાત
- જ્ઞાનના સર્જક અને સક્રિય અધ્યેતા તરીકે બાળક
- શિક્ષક અને અધ્યેતા માટે અધ્યયનને આનંદદાયી, સર્જનાત્મક, અનુભવજન્ય બનાવવું
- શિક્ષક અને વિદ્યાર્થી માટે અધ્યયન-અધ્યાપન એક સંયુક્ત શોધ
- શાળામાં સામાજિક-સાંસ્કૃતિક કક્ષાનો સમાવેશન કરતી અધ્યયનની પ્રક્રિયા

### યુનિટ ૩ : સાનુકૂળ અધ્યયન-અધ્યાપન પરિસ્થિતિઓનું નિર્માણ

- શાળા તથા વર્ગખંડનું આકર્ષક અને જીવંત વાતાવરણ
- વર્ગખંડમાં સાધન-સામગ્રી અને સાહિત્યની સર્જનાત્મક ગોઠવણી
- સક્રિય અધ્યયન માટેના અવસરોને સુદઢ બનાવવા
- સમાવેશી વાતાવરણ, પારસ્પરિક માન, સહનશીલતા અને એકત્વની ભાવના
- વર્ગખંડમાં હુંફ, કાળજી અને સલામતીયુક્ત વાતાવરણનું નિર્માણ

## યુનિટ ૪ : વર્ગખંડ પ્રક્રિયાની અસરકારકતા વધારવી

- અવલોકન, નિરીક્ષણ અને પ્રતિભાવો
- બાળકો સાથે પ્રત્યક્ષ જોડાણ અને દરેક વિદ્યાર્થીની પ્રગતિની નોંધ તેમજ તેની જાળવણી
- વર્ગખંડની પ્રવૃત્તિઓમાં સુધારણા માટેનો સહભાગીદારી યુકત અભ્યાસ
- અનુશિક્ષણ તાલીમ અને માર્ગદર્શન
- અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં ટેકનોલોજીનો સમાવેશ
- પ્રયોગ અને અન્વેષણ માટે સ્વતંત્રતાને પ્રોત્સાહન

## યુનિટ ૫ : વ્યવસાયકાર તરીકે શિક્ષકને વિકસાવવા

- શાળા પરિવર્તનના વાહક તરીકે શિક્ષક
- શિક્ષક નેતૃત્ત્વને પ્રોત્સાહન આપવું
- ચિંતનકર્તા તરીકે શિક્ષક
- વર્ગખંડની અંદર તથા બહાર શિક્ષક – વિદ્યાર્થીના આદાન પ્રદાનને સરળ બનાવવું
- શિક્ષકોના પડકારો અને પ્રશ્નોનું નિરાકરણ
- શિક્ષકની વ્યવસાયિક સજ્જતાને પ્રોત્સાહન આપવું

## યુનિટ ૬ : અધ્યયન અધ્યાપન પ્રક્રિયાને સમૃદ્ધ બનાવવી – વર્ગખંડની પરે જોવું

- વાલીઓની નજરે બાળકને જોવું અને સમજવું
- બાળકના અધ્યયન માટે પરિવારમાંથી મળતી સહાય
- સમુદાયના જ્ઞાન અને સર્જનાત્મકતા દ્વારા શાળાને મળતા અનુભવોનું સમૃદ્ધીકરણ
- શાળાના અનુભવ અને અધ્યયનના સંદર્ભે વાલી અને શિક્ષકો વચ્ચે પ્રતિભાવોનું આદાન-પ્રદાન વધુ સઘન બનાવવું.
- પરિપ્રેક્ષ્ય એક અધ્યયન સ્થળ તરીકે.

## મુખ્ય ક્ષેત્ર ૪ : જૂથ નિર્માણ અને તેનું નેતૃત્ત્વ

આ ક્ષેત્ર એવા કૌશલ્યો તરફ ધ્યાન દોરે છે કે જે અસરકારક અને ટકાઉ જૂથ નિર્માણ માટે જરૂરી છે. આ ક્ષેત્ર જૂથ રમતો, ગતિશીલતા, સહભાગીદારીતાની પ્રક્રિયા, જૂથ કાર્ય, સંઘર્ષ નિવારણ અને જૂથના સભ્યોની વ્યવસાયિક વિકાસની તકો ઊભી કરવા પર ભાર મૂકે છે.

### હેતુ

- સહભાગીદારીને સરળ બનાવવી તથા જૂથમાં કાર્ય કરવું

### યુનિટ ૧ : જૂથ રચના

- જૂથના સભ્યોની ક્ષમતા અને સામર્થ્યની સમજણ કેળવવી
- સમૂહની ગતિશીલતાનો અભ્યાસ
- સહભાગીદારી અને સહયોગ માટે પ્રક્રિયા વિકસાવવી
- જવાબદારી  અને ક્ષમતા સાથે સુમેળ

### યુનિટ ૨ : જૂથકાર્યને પ્રોત્સાહિત કરવું

- જૂથકાર્યમાં ભેગા મળીને આયોજન કરવું
- વ્યવસાયિક ચર્ચા, વિચારણા અને સંવાદ પર ભાર મૂકવો
- જૂથમાં એકસાથે કાર્ય કરવું
- રચનાત્મક વિચારોમાં સઘન જોડાણ માટે સહકર્મચારીઓ સાથે બેઠક આયોજન
- સમીક્ષા અને પ્રતિભાવો માટે કાર્યપદ્ધતિ વિકસાવવી

### યુનિટ ૩ : જૂથના નેતા તરીકેની ભૂમિકા

- અસરકારક જૂથ કાર્ય માટે તકો ઉભી કરવી
- જૂથ માટે અસરકારક પ્રત્યાયન પ્રક્રિયા ઉભી કરવી
- જૂથકાર્યમાં નિર્ણય શક્તિ
- જૂથ દ્વારા કાર્યનું અમલીકરણ
- સંઘર્ષ નિવારણની કળા

## મુખ્ય ક્ષેત્ર ૫ : નવતરપ્રયોગોનું નેતૃત્વ

આ ક્ષેત્રનો મુખ્ય હેતુ નવતર પ્રયોગો અને સતત પરિવર્તન દ્વારા શાળાકીય માળખામાં અને કાર્યક્રમમાં બદલાવ લાવવાનો છે. સામૂહિક પ્રયત્નો અને નવતર પ્રયોગોની પરંપરાના વિકાસ દ્વારા આ ક્ષેત્ર નૂતન વિચારો અને પ્રક્રિયાઓને ટેકો આપે તેવું વાતાવરણ, તંત્ર, માળખું અને પ્રક્રિયાના નિર્માણ પર ભાર મૂકે છે.

### હેતુ

- નવતર પ્રયોગો દ્વારા રૂપાંતરણને સુવિધાયુક્ત બનાવવું

### યુનિટ ૧ : નવતર પ્રયોગો – અધ્યયન કરતી સંસ્થાનું કેન્દ્રબિંદુ

- મુખ્ય શિક્ષક – નવતર પ્રયોગોને પ્રોત્સાહન આપનાર એક પ્રેરણા સ્રોત તરીકે
- નવા વિચારોની શોધમાં : વાતચીત અને વિચારણા
- નવતર પ્રયોગો : શાળાની સુધારણામાં અગત્યનું પરિબળ
- આદર્શમૂલક રૂપરેખા ઉપરની વિચારણા

### યુનિટ ૨ : શાળામાં નવતર પ્રયોગો માટેની સંસ્કૃતિનું નિર્માણ

- નવતર પ્રયોગો માટે પહેલઃ પ્રયોગો અને સંશોધનને પ્રોત્સાહન આપવું
- પૂરતા સંસાધનો અને શૈક્ષણિક સહયોગને સુનિશ્ચિત કરવા
- વ્યક્તિત્વનો આદર અને વૈવિધ્યસભર પરિપ્રેક્ષ્યનો સમાવેશ
- પરિવર્તનને સમજવું અને પરિવર્તનના વિરોધી તત્ત્વોને ઓળખવા
- શાળામાં થતા નવતર પ્રયોગોને અલગ તારવવા અને તેની નોંધ રાખવી
- નવા વિચારો અને કાર્યો માટે પુરસ્કાર અને માન્યતા આપવી અને તેની નોંધ લેવી
- શાળામાં થતાં નવતર પ્રયોગોને ઓળખવા અને તેનું દસ્તાવેજીકરણ કરવું

### યુનિટ ૩ : નવતર પ્રયોગોના માધ્યમ દ્વારા શાળાની પુનઃકલ્પના

- શાળા કક્ષાએ નવતર પ્રયોગો : અભ્યાસક્રમના આયોજનમાં પરિવર્તન, વાર્ષિક આયોજન, કામની વહેંચણી, શાળાનું બજેટ, મધ્યાહન ભોજન યોજના, નાણાંકીય સહાય અને તેનું આયોજન ઊભું કરવું, પ્રાપ્ય સંસાધનોનો મહત્તમ ઉપયોગ, વાર્ષિકોત્સવનું આયોજન કરવું, સમાજ અને સ્ટાફ સાથે બેઠકો યોજવી
- વર્ગમાં નવતર પ્રયોગો : અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં, વર્ગખંડની ગોઠવણી, સમય-સારણી, વર્ગખંડનું સંચાલન વગેરેમાં સુધારો લાવવો
- વિદ્યાર્થી, શિક્ષક અને સમાજ નવતર પ્રયોગ કરનાર તરીકે

## મુખ્ય ક્ષેત્ર ૬ : ભાગીદારીઓ માટેનું નેતૃત્ત્વ

શાળા રૂપાંતરણમાં શાળાની અંદર તથા બહારની વ્યક્તિઓ સાથે ભાગીદારીના નિર્માણનો સમાવેશ થાય છે. આ મુખ્ય ક્ષેત્ર શાળા અને વાલીઓ, સમુદાયના સભ્યો, શિક્ષણ વિભાગ સાથે જોડાયેલ અધિકારીઓ અને અન્ય પડોશની શાળા વચ્ચે અર્થપૂર્ણ સંબંધોની જરૂરિયાત પર ભાર મૂકે છે. આ ક્ષેત્રનો હેતુ શાળા આગેવાનને બહુવિધ લાભાર્થીઓ વચ્ચે ભાગીદારીની તકો ઉભી કરવા માટે સક્ષમ બનાવવાનો છે.

### હેતુ

- શાળા પરિવર્તન માટે વાલીઓ, સમાજ અને શિક્ષણના અધિકારીઓ વચ્ચેની ભાગીદારીને સરળ બનાવવી.

### યુનિટ ૧ : ઘર અને શાળાની ભાગીદારી

- ઘર અને શાળા વચ્ચે આંતરક્રિયા માટે અવકાશ ઉભો કરવો
- અધ્યયન અને વિકાસ અર્થે શિક્ષક અને વાલીઓની સંયુક્ત જવાબદારી આંકવી.
- ભિન્ન વિચારો અને અપેક્ષાઓ રાખનારા વાલીઓ તથા શિક્ષકોની સાથે કામ પાર પાડવું
- શાળા વ્યવસ્થાપનમાં વાલીઓની ભાગીદારીને પ્રોત્સાહન આપવું
- વાલીઓને અધ્યયન માટે એક મંચ તરીકે શાળા

### યુનિટ ૨ : સમુદાય સાથે કામ કરવું

- શાળા અને સમુદાયના સંબંધની સમજણ કેળવવી
- શાળામાં સમુદાયની ભાગીદારી માટે અવકાશ ઉભો કરવો
- શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સમુદાયની ભાગીદારીને સંસ્થાનું રૂપ આપવું
- શાળા વિકાસ યોજનામાં સમાજની ભૂમિકા
- સમુદાય માટે શાળા એક સામાજિક અધ્યયન સ્થળ
- સ્થાનિક નેતૃત્ત્વની સાથે પારસ્પરિક સમજણ અને આદર સહિત કામ કરવું

## યુનિટ ૩ : વ્યવસ્થાતંત્ર સાથે કાર્ય

- શાળા – શિક્ષણતંત્રના એક ભાગ રૂપે
- શૈક્ષણિક વહીવટકર્તા સાથે અસરકારક સંબંધ
- તંત્રની જરૂરિયાત અને શાળા વિકાસની જરૂરિયાત વચ્ચે સંતુલન
- સ્થાનિક સંસાધન સમર્થન કેન્દ્રો સાથેનું જોડાણ
- શાળા સમુદાય વચ્ચે ઉત્કૃષ્ટ બાબતોનું આદાન-પ્રદાન કરવું, તેવી બાબતોની જવાબદારી ઉપાડવી અને તેનો સ્વીકાર કરવો

# વિશેષ ક્ષેત્રો

ભારતમાં જુદી જુદી પરિસ્થિતિઓમાં કાર્યરત શાળાઓને જોતાં આ રૂપરેખા રાજ્યો અને તેના સંદર્ભો અનુસાર શાળા શિક્ષણના ક્ષેત્રમાં વિશિષ્ટ ક્ષેત્રોને શોધવા અને સમજવા પાર ધ્યાન આપવામાં આવ્યું છે. વિશેષ ક્ષેત્ર અંતર્ગત અભ્યાસક્રમની રૂપરેખા જે તે રાજયોના સામાજિક, આર્થિક, ભૌગોલિક પડકારોના સંદર્ભે વિકસાવવામાં આવી છે. સાથોસાથ નાની તેમજ બહુશ્રેણીય શાળાઓએ જે પડકારોનો સામનો કરવો પડે છે તેના પર ધ્યાન આપવાની જરૂરિયાત તથા તેમની સમસ્યાઓ ઉપર પણ ભાર મુકવામાં આવ્યો છે.

## વિશેષ ક્ષેત્ર ૧ : આદિવાસી વિસ્તારોની શાળાઓમાં નેતૃત્ત્વ

અહીં એવી શાળાઓ પર ધ્યાન આપવામાં આવે છે જે સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક રીતે અન્ય શાળાઓ કરતાં ભિન્ન છે. આદિવાસી વિસ્તારોના બાળકોને પ્રસ્તુત અને અર્થસભર શિક્ષણ આપવા માટે શાળા આગેવાનોને બાળકોની તેમજ જે તે આદિવાસી વિસ્તારના સમુદાયની અપેક્ષાઓ, જરૂરિયાત તેમજ પ્રવર્તમાન પરિસ્થિતિઓની પૂરેપૂરી સમજણ હોવી જોઇએ. આ બધું ધ્યાનમાં રાખીને, જેની સાથે કામ પાર પાડવાનું છે તે મહત્ત્વના મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

- શાળા જે સામાજિક-સાંસ્કૃતિક પરિવેશમાં કામ કરે છે તે પરિવેશને સમજવો.
- શિક્ષક અને વ્યવસ્થાપકો શાળામાં જે ગતાનુગતિક પદ્ધતિઓ પ્રમાણે શાળાઓ ચલાવે છે તેને સાંકળવી તેમજ સમજવી.
- ભાષાકિય વૈવિધ્યતાના સંદર્ભે આદિવાસી બાળકોની જરૂરિયાતને સમજવી.
- શાળા-સમુદાય તેમજ કુટુંબને લગતાં પ્રશ્નોને સમજવા કે જે અંતે શિક્ષકની ગેરહાજરી, બાળકની ગેરહાજરી એને અંતે સ્થળાંતર સુધી લઇ જાય છે.
- આદિવાસી બાળકોની શિક્ષણ સંબંધી જરૂરિયાતોને સમજીને પાઠ્યપુસ્તક અને શિક્ષણશાસ્ત્ર વિકસાવવા.
- શાળા-સમુદાયની ભાગીદારીને આદિવાસી વિસ્તારોમાં વિકસાવવી.
- આદિવાસી આવાસી શાળાઓનું વ્યવસ્થાપન અને વહીવટ

## વિશેષ ક્ષેત્ર ૨ : નાની તેમજ બહુશ્રેણીય શાળાઓમાં થતા અધ્યયન-અધ્યાપનને દોરવા

આ વિશેષ ક્ષેત્રમાં એવી શાળાઓનો સમાવેશ કરવામાં આવે છે કે જે શાળાઓ નાની છે, એક કે બે જ શિક્ષકો દ્વારા સમગ્ર શાળાના બધા જ ધોરણોને ભણાવવામાં આવે છે તેમજ મુખ્ય શિક્ષક દ્વારા જ બહુવિધ ભૂમિકાઓ ભજવવામાં આવે છે. આ શાળાઓની અલગથી છણાવટ કરવા માટે તે શાળાના શિક્ષકોની તેમની પોતાની જ ભૂમિકાની, પરિપ્રેક્ષ્યની, સંસાધનો તેમજ સમયની મર્યાદિત સમજણને ધ્યાનમાં રાખવામાં આવેલ છે. આ વિશેષ ક્ષેત્ર શિક્ષકને માર્ગદર્શન આપશે તેમજ સમર્થ બનાવશે કે જેથી તે બહુશ્રેણીય શાળાઓના અધ્યયન-અધ્યાપનને વધુ સારી રીતે સમજી શકે તેમજ શૈક્ષણિક કાર્ય કરાવી શકે.

- સ્થાનિક તથા શિક્ષણપ્રથાના સંદર્ભે ઊભી થતી વિશિષ્ટ સમસ્યાઓને સમજવી.
- સામાજિક-આર્થિક તેમજ સાંસ્કૃતિક વૈવિધ્ય પ્રત્યે સર્વસમાવેશી સંવેદનશીલ વાતાવરણનું નિર્માણ કરવું.
- અભ્યાસક્રમમાં અનુકૂલન કરવું, અધ્યયન-અધ્યાપન સામગ્રીને બાળકોના ધોરણ તેમજ સ્તર અનુસાર સુધારવા, બહુશ્રેણીય શાળાઓના બાળકો માટે મૂલ્યાંકનની પધ્ધતિઓ વિકસાવવી.
- બાળકોનું વ્યવસ્થાપનઃ બાળકો વચ્ચેનું પ્રત્યાયન, બેઠક વ્યવસ્થા, બાળકોની કાળજી અને તેમને સહાય કરવી.
- જૂથમાં અધ્યયન કાર્યઃ બે ધોરણોના વિદ્યાર્થીઓને સાથે રાખી અધ્યયન કરાવવું, સહાધ્યાયી અધ્યયન અને મિશ્ર ઉંમરના બાળકોનું અધ્યયન
- બહુશ્રેણીય શાળાઓમાં વિદ્યાર્થી અને શિક્ષકો વડે સમયનો અસરકારક ઉપયોગ.

## વિશેષ ક્ષેત્ર ૩ :  સંઘર્ષયુક્ત વિસ્તારની શાળાઓનું નેતૃત્ત્વ

સંઘર્ષો અને સંકટોને કારણે ભારતના ઘણા બધા વિસ્તારોમાં લોકોના રોજિંદા જીવનમાં ખલેલ પહોંચે છે. આવા વિસ્તારોમાં આવેલી શાળાઓએ ઘણી તકલીફોનો સામનો કરવો પડે છે. જેવી કે શાળાની કામગીરી સંદર્ભે અસમંજસતા તેમજ ભાવનાત્મક આઘાત અને બાળકો તેમજ સહકર્મચારીઓમાં વ્યાપ્ત ડરની લાગણી. આવી પરિસ્થિતિઓમાં મુખ્ય શિક્ષકે રોજબરોજની ઊભી થતી શાળાકીય તકલીફોનો સામનો કરવાનો રહે છે. શાળામાં બાળકોની હાજરી સુનિશ્ચિત કરવી, સામુદાયિક સંબંધ સ્થાપવો અને શાળાની પ્રક્રિયામાં તેમની ભાગીદારી જેવા અનેક પડકારોનો સામનો કરવો પડે છે. આ વિશેષ ક્ષેત્ર આ બધા પડકારોનું સમાધાન કરે છે. આ વિશેષ ક્ષેત્ર નીચેની બાબતો પર ખાસ ધ્યાન આપે છે.

- એવી વ્યવસ્થા ઊભી કરવી જેથી બાળકો રોજિંદા જીવનમાં આવતા આઘાત અને ડર સાથે કામ પાર પાડી શકે.
- વર્ગખંડમાં તણાવમુક્ત અને બાળકેન્દ્રી વાતાવરણ ઊભું કરવું.
- અનિચ્છનિય બનાવ શાળાની આસપાસ ન બને તે માટે વાલીઓના સહયોગથી શાળાની આસપાસ રક્ષણાત્મક વાતાવરણનું નિર્માણ કરવું.

- શાળામાં બાળકોની સુરક્ષા અને અભિરૂચિ જળવાય તે માટે પોલીસ તેમજ સમુદાયની પાસેથી સહકાર મેળવવો અને રક્ષણાત્મક વાતાવરણ ઊભું કરવું.
- કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે એકબીજાને હિંમત આપવી તથા સકારાત્મક દ્રષ્ટિકોણના વિકાસ માટે વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સ્ટાફને પ્રોત્સાહિત કરી સમર્થન આપવું.
- જીવનની વાસ્તવિકતાઓને તારવી, તેની ચર્ચા કરી તેને શાળાની અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયામાં આવરી લેવી.

## વિશેષ ક્ષેત્ર ૪ : મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓમાં શાળાઓનું નેતૃત્ત્વ

વર્ષમાં ચોક્કસ સમયગાળા દરમિયાન અમુક વિસ્તારમાં અતિશય વરસાદ પડે, રણ વિસ્તારમાં ગરમી પડે, પર્વતીય વિસ્તારો, દરિયા કિનારે આવનારા તોફાનો જેવી મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓનું કુદરતી રીતે નિર્માણ થાય છે તેવા સમયે શાળા માટે શાળાની કામગીરી કરવી  દુષ્કર બને છે. આવી પરિસ્થિતિમાં શાળાનો રોજિંદો ક્રમ વિખેરાઇ જાય છે. ત્યારે ભૌતિક એવી માળખાકીય સુવિધાઓ વડે નિરાકરણ લાવી શકાય. અહીં હેતુ મુખ્ય શિક્ષકને આ પ્રકારની ભૌગોલિક પરિસ્થિતિઓ સામે અસરકારક રીતે પહોંચી વળવા માટે સક્ષમ બનાવવાનો છે.

- ભૌગોલિક તેમજ પર્યાવરણીય ફેરફારોને ધ્યાનમાં રાખીને ઋતુ અનુસાર નિશ્ચિત સમય-સારણી બનાવવી તેમજ તેનો અમલ કરવો.
- વાલી તેમજ સમુદાયના વડા સાથે ચર્ચા કરીને, સંવાદ સાધીને શાળામાં બાળકો સતત હાજર રહે તેવી વ્યવસ્થા કરવી.
- શાળાનું બાંધકામ એવું કરાવવું કે જેથી ચોક્કસ સ્થળે હવામાનને કારણે ઊભી થતી તકલીફોને પહોંચી વળાય અને શાળાની તેમજ મધ્યાહ્ન ભોજનની સામગ્રીને સાચવી શકાય.
- વાતાવરણમાં થતાં ઉગ્ર ફેરફારોને પહોંચી વળવા શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને તૈયાર કરવા
- સમાજ સાથેની ભાગીદારી વડે શાળાને સજ્જ કરવી જેનાથી આવનાર પડકારોને ઝીલી શકે.

મુખ્ય શિક્ષક જ્યારે ચોક્કસ પ્રશ્નો અને પડકારો સામે વિપરીત પરિસ્થિતિઓમાં કામ કરતો હોય ત્યારે આ અભ્યાસક્રમ મુખ્ય શિક્ષકને સમસ્યા નિવારણ તેમજ નિર્ણય લેવાની પ્રક્રિયામાં મદદરૂપ થશે.

# પાઠ્યસામગ્રી
## પરિપ્રેક્ષ્ય અને અનુકૂલન

વિવિધ પ્રકારના અધ્યેતા સાથે સંવાદ સાધી શકે તેવી અને વાંચવામાં ખૂબ જ સરળ હોય તેવી પાઠ્યસામગ્રી વિકસાવવામાં આવશે. જે દરેક પ્રમુખક્ષેત્ર તેમજ તેના મહત્ત્વના એકમોની સાથે સંબંધ ધરાવશે. જેથી શાળા શિક્ષણની સાથે જોડાયેલા ગંભીર મુદ્દાઓની સમજણ આપી શકે અને અધ્યેતા તેના નિરાકરણોને જાતે જ શોધીને તેમાંથી શીખી શકે. એક મોડ્યુલનો સંગ્રહ પણ આપવામાં આવશે કે જે વૈવિધ્યસભર સંદર્ભોની સહાયથી બનાવવામાં આવશે. માહિતીનો આ સંગ્રહ સંસાધન તરીકે વર્તતા જૂથ કે વ્યક્તિને પૂરતી પસંદગીની તકો આપશે. તે મુખ્ય શિક્ષક સાથે મળીને વિવિધ રીતે વિભિન્ન સંદર્ભો સાથે કેવી રીતે કામ કરવું તેની અનુકૂળતા કરી આપશે.

- લક્ષ્ય વિશિષ્ટ મોડ્યુલઃ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના મુખ્ય શિક્ષકોની બદલાતી જરૂરિયાતોને સંતોષવા માટે તેમજ વૈવિધ્યપૂર્ણ નેતૃત્ત્વની અપેક્ષાઓને સંતોષવા માટે હશે.
- મુદ્દા વિશિષ્ટ મોડ્યુલઃ સમગ્ર ભારતમાં આવેલી શાળાઓની વૈવિધ્યતા તેમજ જુદાજુદા પરિવેશને કારણે ઊભા થતાં પડકારોને પહોંચી વળવા માટે આ મોડ્યુલ કામ લાગશે .

રાજ્યો પાસેથી મેળવેલી માહિતી અનુસાર જે સત્ય ઘટનાઓ બનેલી છે તેવી ઘટનાઓનો સમાવેશ આ સામગ્રીમાં કરવામાં આવશે. રાજ્ય સરકાર સાથે સંલગ્ન શાળાઓની વાસ્તવિક પરિસ્થિતિ સાથે સુમેળ, સંપૂર્ણપણે પરિસ્થિતિથી વાકેફ હોય તેવી સામગ્રી બનાવવા માટે રાજ્યમાં સંસાધનની આપૂર્તિ કરનારી શૈક્ષણિક સંસ્થાઓની સાથે કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવશે અને ત્યારબાદ જ અભ્યાસક્રમનું માળખું તેમજ સામગ્રી બનાવવામાં આવશે.

# રાષ્ટ્રીય શાળા નેતૃત્વ કેન્દ્ર – ન્યુપા

શાળાઓને ગુણવત્તા યુક્ત શિક્ષણના પ્રભાવી કેન્દ્રો સ્વરૂપે રૂપાંતરિત કરવા હેતુ એક મજબૂત અને ઉત્તમ જાણકારી ધરાવતા નેતૃત્વની આવશ્યકતા છે જે પરિવર્તન અને નવીનીકરણની પ્રક્રિયા સાથે સંલગ્ન હોય. સમયે-સમયે ન્યૂપા મુખ્ય શિક્ષકો અને સંચાલકોને અનુભવોના આદાન-પ્રદાન અને શાળા શિક્ષણને લગતા તથ્યો સાથે પૂર્વાભિમુખ કરાવતી રહી છે પરંતુ એમ અનુભવાયું છે કે આ પ્રયાસ તરફ વધુ ઉન્નત થવાની આવશ્યકતા છે. ન્યૂપામાં રાષ્ટ્રીય શાળા નેતૃત્વ કેન્દ્ર (એન.સી.એસ.એલ.) ની સ્થાપના સ્થાયી આધાર પર આ જરૂરિયાતોને સંબોધિત કરવા માટેનું એક ડગલું છે.

આ પ્રકારે રાષ્ટ્રીય શાળા નેતૃત્વ કેન્દ્ર માટે સર્વોચ્ચ પ્રાથમિકતા, પરિવર્તન માટે નેતૃત્વ ક્ષમતાનું નિર્માણ કરવાનું છે જેથી સમય જતાં શાળાઓમાં પરિવર્તન થઈ શકે. આ મિશનને પ્રાપ્ત કરવા માટે કેન્દ્ર, શાળાના મુખ્ય શિક્ષકોના ક્ષમતા નિર્માણ કાર્યક્રમમાં જોડાશે, જે શાળા શિક્ષણના ક્ષેત્રમાં રાજયોની જરૂરિયાતો અને સમસ્યાઓ અને તેમાં વ્યાપ્ત વિવિધતા પર આધારિત અભ્યાસક્રમ અનુસાર હશે. શાળાઓમાં અનુભવોના સાર્થક વિનિમય, પાર્શ્વીય અધિગમ તથા સમસ્યા નિરાકરણની સુવિધા માટે રાષ્ટ્રીય શાળા નેતૃત્વ કેન્દ્ર, શાળા તથા સંબંધિત સંસાધન સંસ્થાનો વચ્ચેના નેટવર્કિંગને પ્રોત્સાહન આપશે. એ શાળા શિક્ષણના સંચાલન અને નેતૃત્વ પર સંશોધનો કરશે તેમજ કરાવશે અને તેના દ્વારા પ્રણાલીગત અને સંસ્થાગત સ્તર પર તથ્ય આધારિત નિર્ણયોને પ્રોત્સાહિત કરશે. આ કેન્દ્ર શાળા સંચાલન અને નેતૃત્વના ક્ષેત્રમાં માહિતી અને જ્ઞાન માટે એક ભંડારગૃહના રૂપમાં કાર્ય કરશે.

નેતૃત્વ કાર્યક્રમોમાં સરકારી અને સરકારી સહાય મેળવતા ક્ષેત્રોમાં કાર્યરત અધ્યાપકો, સંચાલકો, કાર્યરત મુખ્ય શિક્ષકો અને હાલમાં જ નિમણૂંક થયેલા શાળાના પ્રમુખોનો સમાવેશ થશે. સંસ્થા, ગ્રામ, જિલ્લો, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર સુધીના બધા સ્તરો પર નેતૃત્વ નિર્માણ એ જ આ કાર્યક્રમનો સાર છે, જેનો ઉદ્દેશ્ય શાળાઓ અને શાળા શિક્ષણ પ્રણાલીના સંચાલન અને નેતૃત્વમાં રૂપાંતરણ કરવાનો છે.

રાષ્ટ્રીય શાળા નેતૃત્વ કેન્દ્ર
રાષ્ટ્રીય શૈક્ષિક યોજના અને પ્રશાસન વિશ્વવિદ્યાલય
૧૭ – બી, અરવિંદો માર્ગ, નવી દિલ્હી – ૧૧૦૦૧૬(ભારત)
ઈ.પી.બી.એક્સઃ ૨૬૫૬૫૬૦૦, ૨૬૫૪૪૮૦૦
ફેક્સઃ ૯૧-૦૧૧-૨૬૮૫૩૦૪૧, ૨૬૮૬૫૧૮૦